‘મોતીની ઢગલી’
સંપાદકઃ મહેન્દ્ર મેઘાણી

## “તે ચુકવીને આવીશ”

મારા પીતાજી ગુજરી ગયા, તે વખતે મારા બાને મેં કહ્યું, “હવે તમે આંબલા આવો; અહીં એકલાં રહેવું નહીં ફાવે.”

બા કહેઃ “હજુ અહીં રહેવું પડે તેમ છે. તારા બાપુજી દાણાવાળાની દુકાનેથી જે કંઈ લાવતા, તેમાં ૭૦-૮૦ રુપીયા ચુકવવાના બાકી છે; તે ચુકવીને આવીશ.”

મેં કહ્યું, “એ કંઈ મોટી વાત છે? હું સાંજે એની દુકાને જઈને રકમ ભરી આપીશ.”

મારી બા કહે, “એમ ન થાય, એ પૈસા તો મારે જ ભરવા જોઈએ; એ તો હું વેંત કરીશ.”

હું જાણતો હતો કે ઘરમાં કાંઈ નથી. મારા બાપુજીને ૨૦-૨૨ રુપીયા પેન્શન મળતું. એમાં પોતાનું ચલાવતા ને દીકરીઓ-ભાણેજડાંને ટાણેટચકે સાચવતા. મેં કહ્યું, “બા, તું ક્યાંથી ભરીશ? મરનારના વારસ તરીકે તેનું આ બધું દેણું હું ભરી આપીશ.”

બા બોલ્યાં, “તું વારસ, ને ભરે તે વાત સાચી. પણ આ તો હું જ ભરીશ. તું માથાઝીક ન કર.”

તે ન જ માન્યાં. ત્રણ મહીને દેણું ભર્યું, કેવી રીતે કમાયાં હશે? દળણાં દળ્યાં હશે? બાંધણી બાંધી હશે? ભગવાન જાણે! પણ પોતાની જાતકમાણીમાંથી દેણું ભર્યું; પછી જ આંબલા આવ્યાં.

--મનુભાઈ પંચોળી

(૨)

## શ્રેષ્ઠ મીત્ર

મા મારી…શ્રેષ્ઠ મીત્ર…
બીજી મીત્રતાઓમાં
કદીક સ્વાર્થનું નહીં તો અપેક્ષાનું,
વાળ જેવું બારીક
પણ એકાદ કણ તો આવી જાય
પછી ઘસરકો, ઉઝરડો, તીરાડ…
　　માને તો આકાશ જેટલું ચાહી શકાય,
　　દેવમુર્તીની જેમ પુજી શકાય.
　　પણ એ એવું કશું માગે-ઈચ્છે-વીચારેય નહીં!
　　એટલે જ દોસ્તની જેમ
　　એને ખભે કે ખોળે માથું મુકી શકાય,
　　ઝઘડીયે શકાય.
આપણા હોઠો પરની દુધીયા ગંધ
એની છાતીમાં અકબંધ.
એના ખોળામાંની
આપણા પેશાબની દુર્ગંધ
એ સાથે લઈને જ જાય
ભગવાનની પાસે-
અને સ્વયં ભગવાન સુગંધ સુગંધ!
(ભગવાનનીયે મા તો હશે જ ને?)　--ભગવતીકુમાર શર્મા-સુરત

(૩)

## અક્ષત દાણા

ઈટલીના મીલાનો શહેરમાં વીશ્વવીખ્યાત દેવાલય બાંધતી વખતે કેટલીક મુર્તીઓ એવી ઉંચી ને ભીડાતી જગ્યાએ મુકવાની હતી કે કોઈની નજર ત્યાં સુધી ન પહોંચી શકે. તો પણ શીલ્પકાર પોતાના કામમાં લીન થઈને એક-એક રેખામાં ને મરોડમાં પોતાની કલા ઠાલવીને મુર્તીઓ કોતરતો હતો. એક મીત્રે એ જોઈને ટીકા કરીઃ "આ મુર્તી પર કોઈની નજર સરખીય પડવાની નથી, તો પછી એની પાછળ આટલી બધી મહેનત કેમ ઉઠાવો છો? ઝટ પતાવી દેશો તો ત્યાં તો ચાલશે."

શીલ્પીએ મુર્તીમાંથી આંખ ઉંચી કર્યા વગર જવાબ આપ્યોઃ "મારી કૃતી છે એટલે શ્રેષ્ઠ જોઈએ..પછી ભલે કોઈ એ જુએ કે ન જુએ. હું તો જોઉં છું. અને બીજું કોઈ નહીં. તો ભગવાન તો એ જોશે જ ને?"

"મારી કૃતી છે, એટલે શ્રેષ્ઠ જોઈએ"- એ કલાકારનો આદર્શલેખ છે અને જીવનઘડતરનો અગ્રસીદ્ધાંત છે. મારે હાથે કાચું કામ નહીં શોભે. મારી મર્યાદાઓ તો છે જ; પણ એમાં રહીને મારાથી જેટલું સારામાં સારું કામ થઈ શકે એટલું કરવાનો હમેશ મારો આગ્રહ રહેશે.

લોકો મારું કામ જુએ કે ન જુએ, મને શાબાશી આપે કે ન આપે, તોયે હું સંપુર્ણ નીષ્ઠાથી મારું એ કામ કરતો રહીશ.

પુજામાં દેવમુર્તીને ચોખા ચડાવે છે. એ ચોખાના દાણા અખંડ, અક્ષત હોવા ઘટે. સો સારા દાણા ભેગો એક તુટેલો હોય તો 'ચાલશે' એમ માને તે સાચો પુજારી નથી. આપણું જીવન પણ એક યજ્ઞ છે. દીવસે દીવસે, દાણે દાણે હૃદયમંદીરમાં બીરાજતા અંતર્યામીના ચરણની આગળ આપણું એક એક કાર્ય આપણે અર્પણ કરતા જઈએ છીએ. એવું એકેએક કાર્ય વીશુદ્ધ, શ્રેષ્ઠ, અક્ષત રાખવાનો જેને દીલથી આગ્રહ હોય, તે સાચો જીવનપુજારી છે.

--ફાધર વાલેસ

(૪)

## માઈક પરથી વહેતો ત્રાસવાદ

ગુજરાતી સાહીત્ય પરીષદના અધીવેશનમાં શ્રોતાઓના ચહેરા પર લીંપાયેલો અણગમો, થાક અને કંટાળો સાહીત્યકારો વાંચી શકે તોય નીર્દયપણે બોલ્યે રાખે છે. ક્યારેક શ્રોતાઓને બીલકુલ ન સમજાય તેવી ભાષામાં બોલીને તેઓ વીદ્વાનમાં ખપવા ધારે છે. સામે બેઠેલાઓની દયા ખાધા વગર માઈક્રોફોન પરથી ત્રાસવાદ વહેતો જ રહે છે.

આ ત્રાસવાદ સામે શ્રોતાઓ સવીનય અસહકાર શી રીતે કરી શકે? નીયત સમયે સભા શરુ ન થાય તો પાંચ-સાત મીનીટ રાહ જોઈને સભાસ્થળ છોડીને ચાલ્યા જવાનું પગલું યોગ્ય છે. આજનો માણસ ત્રણ ત્રણ કલાકની સભા શા માટે વેઠે? લાંબાલચક કાર્યક્રમમાં એક વાર ફસાઈ ગયેલો ભોળો શ્રોતા બીજી વાર સભામાં જવાનું સાહસ કરતો નથી. આમ, દીવસેદીવસે સુજ્ઞ શ્રોતાઓની સંખ્યા સંકોચાતી જાય છે. ક્રીકેટમાં જેમ 'વન-ડે-મેચ'નો પ્રારંભ થયો છે, તેમ એક કલાકની સભા શરુ થાય તે ખુબ જરુરી છે. એવી સભામાં ત્રણ મીનીટની પ્રાર્થના અને ત્રણ મીનીટની સ્વાગત-વીધી પછી મુખ્ય વક્તાને ૪૫ મીનીટ મળે અને પ્રમુખ દસેક મીનીટમાં સમાપન વક્તવ્ય આપે. આવી 'સાઠ મીનીટીય સભા'ઓની ફૅશન શરુ થવી જોઈએ. એક સારી સભાનું આયોજન કરવું એ પણ એક કળા છે.

--ગુણવંત શાહ

(૫)

## એ

એને ઘસઘસાટ ઉંઘ આવે છે. એ સુવા લાગ્યો કે ઉંઘતાં એને વાર નથી લાગતી; ઉંઘી રહ્યો કે ઉઠતાં વાર નહીં. ભોજનમાં એને સ્વાદ આવે છે. ખાધું-પીધું એને બરાબર હજમ થાય છે. એને કામ કરવાનો ઉમંગ રહે છે. પોતાનું કામ કરતાં કરતાં બીજાનું યે કહેતાંવેંત કરી દે છે, તેમાંથી હરખ પણ મેળવે છે. એ ચાલે છે ત્યારે જાણે અધ્ધર ઉડતો ચાલે છે; એ ટેકરી જુએ છે-ને દોટ મુકીને ચઢી જાય છે. ઝાડ દીઠું કે કોઈ ઉંચી ડાળે જઈને બેસે છે, નદી દેખી ઝંપલાવે છે. એનું લોહી એવું ઉછાળા મારે છે. ક્યારેક ઉજાગરો થયો, તો તેની ખોટ એક જ ઉંઘે પુરી થઈ જાય છે. મુશ્કેલ કામ પહેલું હાથ ધરવાનો ઉમંગ એને રહે છે; પછી અશક્ય લાગે તેને પહોંચી વળવા એ મથે છે. મુશ્કેલીઓનો સામનો કરતાં એ થાકતો નથી. એને નીષ્ફળતાનો ભય નથી, હાંસીનો ડર નથી. એ ક્રોધ નથી કરતો. બીજાની કદર કરવી એને ગમે છે.

એને તમે મળ્યા છો કોઈ વાર?--નાનુભાઈ દવે

'અરધી સદીની વાચનયાત્રા'ના ત્રણ ભાગમાં બનેલાં પુસ્તકોએ બેસ્ટ સેલરનું નામ રળ્યું અને કોઈ વાચનરસીયાને આ નામથી અપરીચીત પણ નથી રાખ્યા. મહેન્દ્રભાઈ માને છે કે માણસની મુળ રુચી તો સાત્ત્વીક વાચનની જ છે. મહેન્દ્રભાઈ મેઘાણી ગુજરાતને મળ્યા તે ગુજરાતનું સદ્નસીબ. ૬૫૦ પાનનાં બનેલાં પાકાં પુંઠાંના આવા ગ્રંથો માત્ર ૭૫-૭૫ રુપીયામાં મળે તે નવાઈ પણ ગુજરાતે પહેલી વાર જોઈ. ૭૦,૦૦૦ જેટલી એની નકલો ખપી છે. ચોથા ભાગની તૈયારી ચાલે છે. દરેક ભાગની એકએક લાખ નકલ માત્ર એક લાખ ગુજરાતી પરીવારોમાં પહોંચે એવી મહેન્દ્રભાઈની નેમ છે. 'મોતીની ઢગલી' નામક ૩૨ પાનની નાનકડી ખીસ્સાચોપડીમાં મહેન્દ્રભાઈએ તેમાંની કેટલીક વાનગીઓ ચાખવા માટે પીરસી છે. તેમાંથી સાભાર... (લંડનથી પ્રગટતા ગુજરાતી માસીક 'ઓપીનીયન'ના અંક સાથે, આ પુસ્તીકાની નકલ પણ દરેક વાચકને ઘરબેઠે પહોંચાડવા બદલ ભાઈ વીપુલ કલ્યાણીનો આભાર..ઉ.ગ.)

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : ૭૪ -- નવેમ્બર ૫, ૨૦૦૬

'સન્ડે ઈ-મહેફીલ' માટે 'ઉંઝાજોડણી' અને 'વીજયા' ફોન્ટ'માં : અક્ષરાંકનઃ uttamgajjar@hotmail.com

પુસ્તકો મેળવવા શ્રી ગોપાલભાઈ મ. મેઘાણી(ભાવનગર)ને lokmilaptrust2000@yahoo.com પર અને શ્રી. મંજરીબહેન મેઘાણી(અમદાવાદ)ને manjari_meghani@yahoo.com લખી શકાય.